અપીલ અરજી નં.૩૯૭ તા.૧૫–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સૈયદ અલ્તાફ સૈયદ નસર
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ અલ્તાફ સૈયદ નસરની તા. ૦૧–૧૦–૧૧ની અરજીથી ૧૨/૧૩૫૨ પૈકીમાં આવેલ ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૯ વિશે આરટીઆઈ હેઠળ આકારણીની માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૭/૨૦૧૧–૧૨

શ્રી સૈયદ અલ્તાફ સૈયદ નસરની તા. ૦૧–૧૦–૧૧ની અરજીથી ૧૨/૧૩૫૨ પૈકીમાં આવેલ ટેના નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૯ વિશે આરટીઆઈ હેઠળ આકારણીની માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. એ.આર.ડી/ ૨૩૫ (આકારણી અને વસુલાત વિભાગ) તા. ૦૨–૧૧–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૫–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા અરજદારની ૧૯૮૩થી નિર્દિષ્ટ કબજેદાર હતા તેવા દાવા સામે જાહેર માહિતી અધિકારીના નિર્દિષ્ટ ઈસમ ૨૦૦૩થી કબજેદાર હતા તેવા પ્રત્યુત્તર અંગે ૧૯૮૩થી ૨૦૦૩ સુધીની દફતરી હકીકત નકલ સહ તેમજ અરજદારના વિસંગત દાવાને અનુલક્ષી અન્ય કોઈ ફેરફારની હકીકત હોય તો તે પણ મોકલવા પત્ર ન.આરટીઆઈ સેલ/૧૧૪૦ તા.૨૧–૧૧–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)**તથા અરજદારને** મુળ અરજીથી માંગેલ માહિતી, ફી ભર્યાની વિગત તથા ૧૯૮૩ થી ૨૦૦૩ સળંગ તેઓ કબજેદાર–ધારક રહયા હોય તેના કોઈ પુરાવા હોય/આધાર હોય તો રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી પણ કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળના ટેનામેન્ટ નંબરની મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગવામાં આવેલ. જેમાં (૧) ૧૨/૧૩૫૨ પૈકીમાં આવેલ ટેના નં.૧૨એ–૧૫ –૦૯૩૧ –૦–૦૦૯ ના વપરાશ કરતા વસવાટ અને ભોગવટો કયા કબ્જેદાર સૈયદ આદમ હુસેન કેટલા વરસોથી છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૨/૧૩૫૨ નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૯ ના વપરાશકર્તા કબ્જેદાર સૈયદ આદમ સૈયદ હુસેન આશરે ૨૦૦૩ થી આકારણી દફતરે દાખલ છે. જેના પાર્ટી સ્ટેટસ નંગ–૨ ના રૂા.૪/– ભર્યેથી મેળવી શકશો. તેવું જણાવેલ છે. (૨)૧૨/૧૩૫૨ માં નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૯ કેટલા વર્ષ પહેલા બન્યું છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૯ મ્યુ. દફતર મુજબ આશરે ૫૧ વર્ષથી બનેલ છે તે માટે એરીયા બેઈઝ કેલ્કયુલેશનની નકલ રૂા.૨/– ભર્યેથી મેળવી શકશો. તેવું જણાવેલ છે. (૩) આજથી કેટલા વર્ષ પહેલા બેશ આકારણી અમલમાં આવી અને એરીયા બેઈઝ આકારણી આવ્યા પહેલા ઉપરોકત ટેનામેન્ટ મુદ્દે ભાડુ સુહલે. (એરીયા લેશ આકારણી અમલમાં આવતા પહેલા ભાડા પ્રમાણે માસિક આકારણી કરેલ હતી?) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એરીયા બેઈઝ પહેલા સદર ટેના. નંબરની વા.ભા.ગ્રોસ આકારણી રૂા. ૭૨/– હતી નેને માટે ૨૦૦૭–૦૮ નું પાર્ટી સ્ટેટસ રૂા.૨/– મેળવી શકશો. તેવું જણાવેલ છે. (૪) હાલના એરીયા બેઈઝ આકારણી અમલમાં આવ્યા પછી ઉપરોકત ટેનામેન્ટનો વેરો કેટલો આવે છે? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથીએરીયા બેઈઝ આકારણી અમલમાં આવ્યા પછી સદર ટેના નં.નો વેરો રૂા.૧૧૫૪/– આવે છે તે માટે પાર્ટી સ્ટેટસ સામેલ છે. તેવું જણાવેલ છે. (૫) એરિયા બેઈઝ આકારણી કઈ તારીખથી અમલવામાં આવી તેની જાણકારી આપશો? . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી એરીયા બેઈઝ આકારણી તા.૧–૪–૦૮ થી અમલમાં આવી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે આપવામાં આવેલી માહિતીથી અસંતોષ છે તેવું જણાવી તા.૧૫–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે સદર ટેનામેન્ટમાં વપરાશ અને ભોગવટો કરતાં કબ્જેદાર સૈયદ આદમ સૈયદ હુસેન કેટલા વર્ષોથી રહે છે

તેના જવાબમાં  સૈયદ આદમ સૈયદ હુસેન આકારણી દફતરે ૨૦૦૩ થી દાખલ છે તે માહિતી ખોટી આપેલ છે  સદર ટેનામેન્ટમાં  મજકુર કબ્જેદાર ૧૯૮૩ માં પણ રહેતા હતા અને તે અંગે એસેસમેન્ટ રજીસ્ટરની નકલ તેઓએ રજૂ કરેલ છે. જેમાં સદર ટેના.ના કબ્જેદાર તરીકે  સૈયદ આદમ સૈયદ હુસેન  વસવાટ તરીકેનો ઉપયોગ જણાવેલ છે. આમ અરજદારના આધાર જોતાં  જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલી માહિતી બાબતે ફેર ચકાસણી કરી ૧૯૮૩ થી ૨૦૦૩ સુધીની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને પૂરી પાડવાની રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે   ફરીયાદ હકીકતમાં જણાવેલ હકીકત ધ્યાને લેતાં અરજદારને ૧૯૮૩ થી સદર ટેનામેન્ટ નં. નં.૧૨એ–૧૫–૦૯૩૧–૦–૦૦૯   માં પણ મજકુર અરજદાર કબ્જેદાર તરીકે  વસવાટ કરતાં હોય  તેમને નહીં પૂરી પડાયેલ ૧૯૮૩ થી ૨૦૦૩ સુધીની વસવાટ અને ભોગવટો કરનાર કબ્જેદાર તરીકેની ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે  લાગત દફતરની તપાસણી સહ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે  છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :     –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ  અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સૈયદ અલ્તાફ સૈયદ નસર